શ્રી સિદ્ધર્ષિ વિરચિતા

# ઉપમિતિ ભવપ્રપંચા કથા

## ભાષા અવતરણ.

પ્રથમ ભાગ, પ્રસ્તાવ ૧-૨-૩.

યોજક અને લેખક,

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

બી, એ; એલ્ એલ્, બી. સોલિસિટર

હાઇકોર્ટ, મુંબઈ.

'અધ્યાત્મકલ્પદ્રુમ' અને આનંદઘનજીના

પદો ઉપર વિવેચન કરનાર અને

'જૈનદૃષ્ટિએ યોગ'ના લેખક.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા,

ભાવનગર.

પ્રથમાવૃત્તિ.

વીરાત્ ૨૪૪૭. વિક્રમ ૧૯૭૭. ઇ. સ. ૧૯૨૧.

મૂલ્ય રૂ. ૩-૦-૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અનુક્રમણિકા.

## પ્રસ્તાવ પ્રથમ.


| | પૃષ્ઠાંક. |
|---|---|
| ગ્રંથકર્ત્તાની પ્રસ્તાવના. ... ... | ૧ |
| ઉપોદ્ઘાતરૂપે દૃષ્ટાન્તકથા.... ... | ૧૫ |
| સંક્ષિપ્ત ઉપનય. ... ... ... | ૪૮ |
| દાર્ષ્ટાન્તિક યોજના.... ... ... | ૫૦ |
| ઉપનય-અદૃષ્ટમૂલપર્યન્ત. ... ... | ૫૧ |
| તદ્દયા પરિચારિકા.... ... ... | ૧૨૦ |
| ત્રણ ઔષધો.... ... ... ... | ૧૨૭ |
| સદ્દયા પરિચારિકા.... ... ... | ૧૮૮ |
| દાન-ગ્રંથોત્પત્તિ ... ... ... | ૨૦૭ |
| ઉપસંહાર. ... ... ... ... | ૨૧૬ |
| મગશેળીઆનું દૃષ્ટાંત. પરિશિષ્ટ અ.(૧) | ૨૧૯ |
| આવશ્યકમાં નાગદત્તકથા (૨) ... | ૨૨૨ |
| પિંડનિર્યુક્તિમાં મત્સ્યચરિત્ર (૩) | ૨૨૮ |
| દ્રુમપત્રક અધ્યયન (૪) ... ... | ૨૩૦ |
| પુદ્ગલાવર્તસ્વરૂપ પરિશિષ્ટ બ. ... | ૨૪૬ |


## પ્રસ્તાવ બીજો.


| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠાંક. |
|---|---|---|
| ૧ | મનુજગતિનગરી ... ... | ૨૫૨ |
| ૨ | કર્મપરિણામ અને કાળપરિણતિ. | ૨૫૮ |
| ૩ | ભવ્યપુરૂષ-સુમતિજન્મ. ... | ૨૭૧ |
| ૪ | અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાલા | ૨૭૫ |
| ૫ | સદાગમ પરિચય. ... ... | ૨૮૦ |
| ૬ | સંસારીજીવ તસ્કર. ... ... | ૨૯૨ |
| ૭ | અસંવ્યવહારનગરે. ... ... | ૩૦૦ |
| ૮ | એકાક્ષનિવાસનગરે. ... ... | ૩૧૩ |
| ૯ | વિકલાક્ષનિવાસનગરે.... ... | ૩૨૦ |
| ૧૦ | પંચાક્ષપશુસંસ્થાને. ... ... | ૩૨૪ |
| | નિગોદસ્વરૂપ-પરિશિષ્ટ. ... | ૩૩૨ |


## પ્રસ્તાવ ત્રીજો.


| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠાંક. |
|---|---|---|
| ૧ | નંદિવર્ધન અને વૈશ્વાનર. ... | ૩૪૪ |
| ૨ | ક્ષાન્તિકુમારી. ... ... ... | ૩૬૧ |
| | **સ્પર્શનકથાનક.** | |
| ૩ | મનીષી અને બાળ. ... ... | ૩૭૪ |
| ૪ | સ્પર્શનમૂળશુદ્ધિ. ... ... | ૩૮૪ |
| ૫ | સ્પર્શનની યોગશક્તિ. ... | ૩૯૭ |
| ૬ | મધ્યમબુદ્ધિ-મિથુનદ્વય કથા. | ૪૦૮ |
| ૭ | અંતરકથા (ચાલુ). પ્રતિબોધકાચાર્ય. ... ... ... ... | ૪૧૭ |
| ૮ | મદનકંદળી. ... ... ... | ૪૩૨ |
| ૯ | બાળમધ્યમમનીષી અને સ્પર્શન. | ૪૪૩ |


JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠાંક. |
|---|---|---|
| ૧૦ | બાળના હાલહવાલ. ... ... | ૪૫૬ |
| ૧૧ | પ્રબોધનરતિ આચાર્ય. ... | ૪૬૩ |
| ૧૨ | ચાર પ્રકારના પુરૂષો. ... | ૪૭૪ |
| ૧૩ | બાળનું અધમ વર્તન-વિચારણા. | ૪૯૩ |
| ૧૪ | અપ્રમાદયંત્ર–મનીષી. ... ... | ૫૦૧ |
| ૧૫ | શત્રુમર્દનાદિનો આંતર પ્રમોદ. | ૫૧૩ |
| ૧૬ | નિજવિલસિત ઉદ્યાનપ્રભાવ. | ૫૨૪ |
| ૧૭ | નિષ્ક્રમણોત્સવ–દીક્ષા–દેશના. | ૫૩૫ |


## ઇતિ સ્પર્શન કથા


| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠાંક. |
|---|---|---|
| ૧૮ | કનકશેખર ... ... ... | ૫૪૮ |
| ૧૯ | ખટપટી દુર્મુખ. ... ... | ૫૫૪ |
| ૨૦ | વિમલાનના અને રત્નવતી. ... | ૫૬૪ |
| ૨૧ | રૌદ્રચિત્તે હિંસાલગ્ન. ... ... | ૫૭૧ |
| ૨૨ | અંબરીશ બહારવટીઆનો નાશ અને લગ્ન. ... ... ... | ૫૭૯ |
| ૨૩ | વિભાકરસાથે મહાયુદ્ધ. ... | ૫૮૨ |
| ૨૪ | કનકમંજરી. ... ... ... | ૫૮૯ |
| ૨૫ | હિંસાની અસર તળે. ... ... | ૬૧૪ |
| ૨૬ | પુણ્યોદયથી વંગાધિપતિ પર વિજય ... ... ... ... | ૬૧૮ |
| ૨૭ | દયાકુમારી. ... ... ... | ૬૨૫ |
| ૨૮ | વૈશ્વાનરની ભયંકર અસરતળે. | ૬૩૩ |
| ૨૯ | ખૂની ક્રોધીનો રખડપાટો. ... | ૬૪૧ |
| ૩૦ | મલવિલય ઉદ્યાનમાં વિવેક કેવળી. | ૬૫૧ |
| ૩૧ | ભવપ્રપંચ અને માનુષ્યધર્મ-દુર્લભતા ... ... ... ... | ૬૬૬ |
| ૩૨ | ત્રણ કુટુંબો. ... ... ... | ૬૭૦ |
| ૩૩ | અરીદમનનું ઉત્થાન. ... ... | ૬૮૦ |
| ૩૪ | નંદિવર્ધન મરણ-ઉપસંહાર. ... | ૬૮૪ |


JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમને બન્નેને રસ્તામાંજ કેવળજ્ઞાન થયું. વળી ગાગલિ, પીઠર અને યશોમતીને પણ વિચાર થયો કે અહો! આ શાલ મહાશાલે તો આપણને ખરા રાજ્ય પર સ્થાપન કર્યાં અને સંસારબંદીખાનામાંથી છોડાવ્યાં! આવો વિચાર કરતાં શુભ ધ્યાને તે ત્રણેને પણ રસ્તામાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આવી રીતે આ પાંચે કેવળજ્ઞાનીઓ ચંપા નગરીએ ગૌતમસ્વામી સાથે આવી પહોંચ્યા. મહાવીર ભગવાનને પ્રદક્ષિણા કરી તીર્થને પ્રણામ કરી તેઓ તો કેવળીઓને બેસવાની જગા (પર્ષદા) તરફ ચાલ્યા. ગૌતમસ્વામીએ પણ ભગવાનને પ્રદક્ષિણા દઇ વંદન કર્યું, પોતે ભગવાનને પગે પડ્યા અને ઊભા થઇ બોલ્યા 'અરે તમે ક્યાં જાઓ છો? આવો અને આ તીર્થંકર મહારાજને વંદન કરો.' તે વખતે ભગવાન્ બોલ્યા 'ગૌતમ! કેવળીઓની [1]આશાતના કર નહિ.' ગૌતમસ્વામી તુરતજ સમજી ગયા કે એ પાંચે કેવળી છે એટલે તુરતજ પોતે તેઓની માફી માગી.

તે વખતે પોતાથી દીક્ષિતોને કેવળજ્ઞાન થયું અને પોતે રહી ગયા એ વિચારથી ગૌતમસ્વામીને ખેદપૂર્વક સવાલ થયો, શંકા થઈ કે શું ત્યારે હું પોતે સંસારથી તરીશ નહિ! ગૌતમસ્વામીના મનમાં આવી ચિંતા ચાલતી હતી તે વખતે દેવતાઓનો ધ્વનિ થયો કે જે મનુષ્ય અષ્ટાપદ પર્વત ઉપર ચઢી જાય અને ત્યાં રહેલાં મંદિરોનાં દર્શન કરે, વંદન કરે તે તેજ ભવમાં સિદ્ધ થાય.

ભગવાન્ તો ગૌતમસ્વામીનું મન જાણી રહ્યા હતા, વળી તેમણે જોયું કે ગૌતમના જવાથી તાપસોને પણ બોધ થવાનો છે એટલે ગૌતમને પોતાના સંબંધમાં ખાત્રી થશે અને તાપસોને બોધ થશે એ બેવડા લાભનું કારણ જાણીને જ્યારે તુરતજ ગૌતમસ્વામીએ અષ્ટાપદ પર જવાની રજા માગી ત્યારે ભગવાને કહ્યું 'અષ્ટાપદને અને ચૈત્યોને વંદન કર.' અત્યંત આનંદપૂર્વક ગૌતમસ્વામી અષ્ટાપદ તરફ ચાલ્યા.

હવે લોકોમાં પણ વાત ચાલતી હતી કે જે મનુષ્ય હોઇ અષ્ટાપદ પર પહોંચી જાય અને ત્યાં રહેલાં ચૈત્યોનું વંદન કરે તે તેજ ભવમાં મોક્ષ જાય તેને અનુસરીને પંદરસે તાપસો ત્રણ વિભાગે તેની ઉપર ચઢવાનો પ્રયાસ કરી રહ્યા હતાઃ પાંચસો કૌડિન્ય પરિવારના હતા, પાંચસો દત્ત પરિવારના હતા અને પાંચસો શૈવાલ પરિવારના હતા. કૌડિન્ય પરિવારના હતા તેઓ એક એક ઉપવાસ કરીને ઉપવાસને પારણે જીવવાળાં (સચિત્ત) વૃક્ષનાં મૂળો અને કંદનું ભક્ષણ કરતા હતા. અષ્ટાપદ પર્વતની પેલી મેખલા (હાડો)-

---

૧ કેવળીને કહેવું કે તમે બીજાને વંદન કરો એ તેમનું અપમાન છે અને આ અપમાનદોષને **આશાતના** કહેવામાં આવે છે.

JAINSITE.com જૈન સાહિત્ય જ્ઞાનધામ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકોમાં જાહેર કર્યો છે. આ મહાદેવી પણ અનંતાં છોકરા છોકરીઓને જન્મ આપનારી છે, પણ દુર્જન-હલકા માણસોની તેના ઉપર નજર પડવાના ભયથી તેજ મંત્રીઓએ વંધ્યા-વાંઝણી તરીકે તેને દુનિયામાં પ્રખ્યાત કરી છે. જો સમજ! આ લોકમાં જેટલાં પુત્ર પુત્રી થાય છે તે સર્વેમાં[1] પરમ વીર્યપણે તેઓનું જોડાણ હોવાને લીધે પરમાર્થથી ખરેખરી રીતે તો આ રાજા રાણીજ તેમનાં માબાપ છે. વળી એ મહારાજા અને મહારાણી નાટક જુએ છે તે સમયે તેઓનું માહાત્મ્ય કેટલું બધું જણાઇ આવે છે તે તેં સાંભળ્યું કે જોયું નથી? આ મહારાજા સર્વે પાત્રોને પોતાની મરજીમાં આવે તે પ્રમાણે નારકી, તિર્યંચ, મનુષ્ય કે દેવગતિ લક્ષણવાળા સંસારમાં આવી રહેલી લાખો યોનિઓમાં નવા નવા જૂદા જૂદા પ્રકારનાં રૂપો ધારણ કરાવીને તેની પાસે નાટક કરાવે છે અને એવી રીતે મહારાજા જે પ્રાણીઓ પાસે જૂદા જૂદા પ્રકારનાં રૂપો ધારણ કરાવે છે તે સર્વને મહારાણી ગર્ભાવાસ, બાળપણ, કુમારપણું, યુવાવસ્થા, પુખ્તપણું, વૃદ્ધાવસ્થા, મરણ, અન્યત્ર ગર્ભપ્રવેશ અને તેમાંથી પાછું નિષ્ક્રમણ વિગેરે સ્થિતિમાં પરિવર્તનો (ફેરફારો) અનેક વાર કરાવે છે."[2]

**અગૃહીતસંકેતા**—"જે વાત તું કહે છે તે તો મેં સાંભળી હતી, પણ મારૂં કહેવું એમ છે કે કર્મપરિણામ મહારાજા સર્વ પાત્રોને જૂદાં જૂદાં રૂપો અપાવવાને શક્તિમાન્ છે અને કાળપરિણતિ મહારાણી તેઓની અવસ્થામાં વારંવાર મોટો ફેરફાર કરી શકે છે-આટલી હકીકત ઉપરથીજ તેઓ લોકોનાં માબાપ છે એમ કહી શકાય?"

**પ્રજ્ઞાવિશાલા**—"વહાલી સખિ! તું તો તદ્દન ભોળી છે! ગાય જેવા જનાવરને પણ અડધી વાત કહી હોય તો તે આખી વાત સમજી જાય છે, પણ તું તો આ ઉઘાડી-ખુલ્લી વાત છે તે પણ સમજી શકતી નથી. જો ખરેખરી રીતે વિચાર કરીએ તો આ સંસારજ નાટક છે, તો તે નાટકના જે ઉત્પન્ન કરનારા હોય તે પરમાર્થથી વાસ્તવિક રીતે સર્વનાં માબાપ ગણાય. હવે સમજી?"

---

૧ ઉત્કૃષ્ટ વીર્ય-ઉત્પાદક શક્તિ. પ્રાણીની ઉત્પત્તિનું પરમ કારણ તો તેનાં કર્મ અને તેની પરિપાક દશાજ છે તેથી પિતૃવીર્ય અને માતૃરક્તનું પરમ કારણ તો કર્મ અને તેનો કાળ પરિપાકજ છે. આટલા ઉપરથી સર્વ પુત્ર પુત્રીના **પિતા** અને **માતા** તો **કર્મ અને** તેની પરિપાક દશા (**કાળ**)જ કહી શકાય.

૨ રાજા રૂપ ધારણ કરાવે છે અને સ્થિતિમાં પરિવર્તન રાણી કરે છે. **કર્મ** અને **કાળ**નો સ્વભાવ વિચારવાથી આ સ્પષ્ટ થશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# તૃતીય પ્રસ્તાવ.

## વૈશ્વાનર (ક્રોધ) ને અંગે.

| સ્થળ. | |
|---|---|
| **જયસ્થળ** નગર. | |
| અંતરંગ નગર. | |
| **ચિત્તસૌંદર્ય.** | નગર. |
| **શુભપરિણામ.** | રાજા. |
| **નિષ્પ્રકંપતા.** | (પહેલી) રાણી. |
| **ક્ષાંતિ.** | નિષ્પ્રકંપતાની દીકરી. |
| **ચારૂતા.** | (બીજી) રાણી. |
| **દયા.** | ચારૂતાની દીકરી. |

| મુખ્ય પાત્રો. | |
|---|---|
| **પદ્મ.** | રાજા |
| **નંદા.** | પદ્મ રાજાની રાણી. |
| **નંદિવર્ધન.** | સંસારીજીવ. પદ્મરાજાનો પુત્ર. |
| **બુદ્ધિસમુદ્ર.** | કળાચાર્ય. |
| **વિદુર.** | રાજસેવક. |
| **જિનમતજ્ઞ.** | નિમિત્તિયો. |
| **વૈશ્વાનર.** | ધાવપુત્ર. અંતરંગરાજ્યે નંદિ૰નો મિત્ર. |
| **પુણ્યોદય.** | નંદિવર્ધનનો અંતરંગ મિત્ર. |

| સામાન્ય પાત્રો. | |
|---|---|
| **પ્રમોદકુંભ.** | વધામણી આપનાર દાસીપુત્ર. |
| **રાજકુમારો.** | નંદિવર્ધનના સહાધ્યાયી. |
| **મતિધન.** | પદ્મરાજાના મંત્રીઓ. |
| **બુદ્ધિવિશાળ.** | પદ્મરાજાના મંત્રીઓ. |
| **પ્રજ્ઞાકર.** | પદ્મરાજાના મંત્રીઓ. |
| **સર્વરોચક.** | પદ્મરાજાના મંત્રીઓ. |
| **સ્ફુટવચન.** | શાર્દૂલપુરના રાજા અરિદમનનો દૂત, જેનું ખૂન નજીવી બાબતમાં નંદિવર્ધનને હાથે થાય છે તે. |

www.jainsite.com
For Private & Personal Use Only
info@jainsite.com

પનો જે મને બહુ આનંદ આપનારાં હતાં તેનાં તેણે પચ્ચખ્ખાણ કરી દીધાં, કોમળ શરીરલતાથી આનંદ આપનાર મને ઘણા પ્રિય અને આલ્હાદ આપનાર સ્ત્રીસમુદાયના તેણે સર્વથા ત્યાગ કર્યો[1] અને વાત ત્યાંસુધી આગળ વધતી ચાલી કે તે દિવસ પછીથી તો તે ( મારો મિત્ર **ભવજન્તુ** ) માથે કેશનો લોચ કરાવે, કઠણ જમીનપર સુવે, શરીરપર મલ ચઢવા દે, અંગપર કાટેલાં તૂટેલાં કપડાં પહેરે, સ્ત્રીનાં અવયવનો સંગ તો દૂરથીજ તજી દે. કદાચ સ્ત્રીના અવયવને જરા પણ અડકી જવાય અથવા બીજી કોઇ પણ બાબતમાં બેદરકારીથી ગફલતી થાય તો પ્રાયશ્ચિત કરે, સખ્ત ઠંડીવાળા માહમાસમાં ટાઢ સહન કરે, ઉન્હાળાની સખ્ત ગરમીમાં તેમજ જેઠ અસાડ માસમાં સૂર્યની આતાપના લે અને જાણે મારો ખરેખરો મોટો દુશ્મન થઇ ગયો હોય નહિ તેમ જે જે વાત મને પ્રતિકૂળ લાગે તે તે સર્વ એ ભાઇ સાહેબ આચરે. આ પ્રમાણે જ્યારે સર્વ હકીકત બની ત્યારે મેં મારા મનમાં વિચાર કર્યો કે આ ભાઇએ ( **ભવજન્તુએ** ) તો આપણો સર્વથા ત્યાગ કર્યો છે: પરંતુ ઘરડાની કહેવત એવી છે કે **ખરેખરા પ્રેમી માણસો હોય છે તે મરે ત્યાં સુધી પણ સ્નેહને વિસરતા નથી;** તેથી જોકે હાલ તો **ભવજંતુ** પેલા

સ્પર્શનનો કાલ્પનિક દિલાસો.

સદાગમની શીખવણીએ ચઢી જઇ મને આવી રીતે દુઃખ આપે છે તોપણ હાલ મારે તેને તજી દેવો ન જોઇએ, કારણ કે એ બાપડો ભોળો છે, અત્યાર સુધી ઘણા કાળપર્યંત મારી સાથે એકઆત્મભાવ હોય તેટલો પ્રેમ રાખતો હતો અને મને પસંદ આવે તેવાં ઘણાં કામો કર્યા કરતો હતો. અત્યારે એનામાં વિપરીત ભાવ થઇ ગયો છે તે સદાગમની સોબતને લીધેજ થયો છે. વળી થોડા વખત પછી સદાગમ ચાલ્યો જશે અથવા તેઓની દોસ્તી છૂટી જશે એટલે મારો મિત્ર પાછો જરૂર ઠેકાણે આવી જશે. આવા આવા વિચાર કરીને **ભવજંતુએ** તો જોકે મને કાઢી મૂક્યો હતો તોપણ તેનો સદાગમ સાથેનો સંબંધ દૂર

---

૧ આ સર્વ કહેવાની મતલબ એ છે કે **ભવજંતુ** જે અત્યાર સુધી સ્પર્શેન્દ્રિયના વિષયમાં આસક્ત હતો તે હવે સદાગમના પ્રસંગમાં આવી, તેનો ઉપદેશ સાંભળી, તેનું રહસ્ય વિચારી, સંસારનો ત્યાગ કરી સાધુ થઇને બેઠો છે. આ વિચાર યોગ્ય શબ્દોમાં પ્રૌઢ રીતે મૂકયો છે અને **સ્પર્શન**ને તેના ખરા આકારમાં ચિતર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્ધિએ બાળને જાગૃત કર્યો પણ તે કાંઈ પણ બોલ્યો નહિ. મધ્યમબુદ્ધિએ કહેવા માંડ્યું "અરે ભાઇ! તેં આ ન કરવા યોગ્ય કામ કર્યું છે આ દેવની શય્યા ઉપર ચઢવું કે સુવું તે યોગ્ય નથી" વિગેરે વિગેરે. આવી રીતે બાળને તેણે ઘણી રીતે સમજાવવા પ્રયત્ન કર્યો, પણ બાળ કુમારે મધ્યમબુદ્ધિને કાંઇ પણ જવાબ આપ્યો નહિ.

વ્યંતર અને બાળ.

હવે તે વખતે એ મંદિરનો અધિષ્ઠાયક વ્યંતર ત્યાં દાખલ થયો. તેણે [1]આકાશ બંધનથી બાળને બાંધી લીધો, જમીનપર પછાડ્યો અને ફરીથી ઉપાડીને એટલા જોરથી તેને પડતો મૂક્યો કે તેના આખા શરીરે સખ્ત વેદના થવા લાગી. તેને આવી રીતે આરડતો જોઇને મધ્યમબુદ્ધિએ હાહારવ કર્યો એટલે એ શું હશે એ જોવાની ઇચ્છાથી કૌતુકને લીધે દેવમંદિર તરફથી અનેક લોકો વાસભુવન તરફ આવવા લાગ્યા. વ્યંતરે ધક્કા મારીને બાળને વાસભુવનમાંથી બહાર ધકેલી મૂક્યો અને મોટા ધડાકા સાથે જમીનપર પછાડ્યો, જેને પરિણામે તેની આંખ પરની ભમર ભાંગી ગઇ અને ગળે પ્રાણ આવી ગયા. આવી સ્થિતિમાં બાળને સર્વ લોકોએ જોયો. તેની પછવાડે મધ્યમબુદ્ધિ પણ વાસભુવનમાંથી બહાર નીકળ્યો પણ તેનું મન એકદમ દિલગીરીને લીધે નરમ પડી ગયું. મધ્યમબુદ્ધિ વાસભુવનમાંથી બહાર આવ્યો એટલે એ બધી શેની ગડબડ છે એમ લોકો તેને પૂછવા લાગ્યા; પણ લાજનો માર્યો તે લોકોને કાંઇ પણ જવાબ આપી શક્યો નહિ. તે વખતે પેલો વ્યંતર કોઇ પુરૂષના શરીરમાં દાખલ થયો અને તેણે સર્વ હકીકત બની હતી તે લોકોને કહી સંભળાવી. આ હકીકત સાંભળીને મકરધ્વજના ભક્ત લોકો ત્યાં હાજર હતા તેઓએ એ બાળને દેવનું અપમાન કરનારો

બાળ અને લોકો.

ગણી એ મહા પાપી છે એમ બોલીને તેનો ઘણો તિરસ્કાર કર્યો, તેની જાતવાળાઓ કહેવા લાગ્યા કે "એ તો આપણા કુળને કલંક લગાડનાર છે અને એક ખરેખર વિષ વૃક્ષ જેવો એ આપણામાં ઉત્પન્ન થયો છે." એમ બોલીને તેઓ સર્વ તેની નિંદા કરવા લાગ્યા. "હવે એ બાળ પોતાનાં પાપનાં ફળ બરાબર ભોગવશે અને તેમ થવાને તે સર્વે રીતે યોગ્ય છે" એમ બોલીને સામાન્ય લોકોએ તેની ટીકા કરી અને "જે પ્રાણીઓ વિચાર કર્યા વગર કામ કરે છે તેઓ

---

૧ સ્પર્શનને વશ પડેલા પ્રાણીઓ કલ્પનાના બંધનથીજ બંધાય છે; તેને માટે જાડા દોરડાંનો ખપ પડતો નથી; કારણ કે કાચા સુતરના પ્રેમતંતુઓ તોડવાની તેનામાં તાકાત રહેતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

